| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૧/૬/૨૦૨૩ | | |
| રજીસ્ટર તારીખ | ૧૧/૬/૨૦૨૩ | | |
| ફેસલ તારીખ | ૩૧/૦૭/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દીવસ. |
| | ૦૩ | ૦૧ | ૨૦ |

==================================================

**ભાવનગરના મહેરબાન છઠ્ઠા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ,મુ.ભાવનગર.**

==================================================

**ફો<u>દારી કેસ નંબર ૮૩૯૫/૨૦૨૩</u>**

આંક:-

**જયપાલસિંહ રામદેવસિંહ ગોહિલ,**
**ઉ.વ.પુખ્ત, ધંધો વેપાર,**
**ઠે.૭૯૧, જુના બે માળીયા,ભરતનગર,**
**ભાવનગર.** **::ફરીયાદી**

**વિરૂધ્ધ**

**શિવદીપસિંહ ભરતસિંહ ગોહિલ,**
**ઉ.વ.પુખ્ત, ધંધો વેપાર,**
**ઠે.બ્લોક નં.૬૨૦, જુના બે માળીયા,**
**ભવાની મંદિર, ભરતનગર,**
**ભાવનગર.** **::આરોપી.**

**બાબત:-નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે ફરીયાદ.**

---------------------------------------------------

**ફરિયાદી તરફે વિ.વ.શ્રી એચ.એમ.કુકડીયા.**
**આરોપી તરફે વિ.વ.શ્રી એમ.કે.રાઠોડ.**

**<u>-: જજમેન્ટ :-</u>**

(૧) આ કામના ફરીયાદીની ફરીયાદની ટુકમાં હકીકત એવી છે કે,ફરીયાદી ભાવનગર ખાતે રહે છે અને આરોપી પણ ભાવનગર ખાતે રહેતા હોય ફરીયાદીના સારા એવા મિત્ર છે અને ફરીયાદી સાથે મિત્રતા નો સબંધ છે.

(૨) આરોપી અને ફરીયાદી વચ્ચે મિત્રતા નો સબંધ હોય આરોપીને અંગત નાણાંકીય જરુરીયાત ઉભી થતા ફરીયાદી પાસે આવેલ અને જણાવેલ કે, તેઓને નાણાની જરુરીયાત હોય કુલ રુ.૧,૫૦,૦૦૦/–અંકે રુપીયા એક લાખ પચાસ હજાર પુરાની માંગણી કરેલ. આમ, આરોપી ધ્વારા ફરીયાદીને પુરો ભરોસો આપેલ હોય ફરીયાદીએ આરોપી સાથેના મિત્રતા ના જુના સબંધેનોના નાતે એક માત્ર આરોપીને મદદ કરવાના હેતુથી આરોપીને રુ.૧,૫૦,૦૦૦/– ફરીયાદીની બેંક ઇન્ડુસઇન્ડબેંક ભાવનગર શાખા ના તા.૧૫/૬/૨૦૨૨ ના રોજ ચેક નં.૧૪૬૭૨૧ થી સેલ્ફ નો ચેક આરોપીના નામ જોગ લખી આપેલ અને સદર રકમ આરોપી છ માસ મા થોડા સમયમાં પરત ચુકવી આપશે તેમ જણાવેલ. આથી ફરીયાદી તથા આરોપી વચ્ચે એ સમજુતીનુ કરાર તા.૧૫/૬/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરી આરોપી અગીયારમા મહીનામા તેમની પાસે આવેલ અને જણાવેલ કે, તેઓને ફરી નાણાની જરુરીયાત હોય કુલ રુ.૨,૦૦,૦૦૦/– બે લાખ પુરાની માંગણી કરેલ અને જણાવેલ કે, અગાઉ આપેલ રકમ રુ.૧,૫૦,૦૦૦/–એક લાખ પચાસ હજાર તથા રુ.૨,૦૦,૦૦૦/– બંને એક સાથે ચુકવી આપશે. આમ, આરોપી ધ્વારા ફરીયાદીને પુરો ભરોસો આપેલ હોય ફરીયાદીએ આરોપી સાથેના મિત્રતા ના જુના સબંધે ના નાતે એક માત્ર આરોપીને મદદ કરવાના હેતુથી આરોપીને ફરી રુ.૨,૦૦,૦૦૦/– પુરા ફરીયાદીની બેંક એક્ષીસ બેંક ભાવનગર શાખાનો તા.૧૪/૧૧/૨૦૨૨ ના રોજ ના ચેક નં.૦૦૦૧૭૭ થી સેલ્ફ નો ચેક આરોપીના નામ જોગ લખી આપેલ અને સદર જણાવેલ આરોપી ૩ માસમા થોડા સમયમાં પરત ચુકવી આપશે તેમ જણાવેલ. ફરીયાદી તથા આરોપી વચ્ચે સમજુતીનુ કરાર

તા.૧૪/૧૧/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે. આમ, ફરીયાદી ધ્વારા આરોપીને કુલ રુ.૩,૫૦,૦૦૦/– પુરા હાથ ઉછીના આપેલ.

(૪) ફરીયાદીએ આરોપીને આપેલ હાથ ઉછીની રકકમ આરોપીએ આપેલ સમયમા પરત નહી કરતા ફરીયાદી ધ્વારા ઉઘરાણી કરતા આરોપી ધ્વારા ફરીયાદીને તેમની લેણી રુ.૩,૫૦,૦૦૦/– અંકે રુપીયા ત્રણ લાખ પચાસ હજાર પુરા નો ચેક નં.૦૮૮૦૮૮ થી ફરીયાદીની કાયદેસરની લેણી રકમ પેટે આપેલ અને ફરીયાદીને એવો વચન, વિશ્વાસ અને ભરોસો આપેલ કે, સદર ચેક બેકમા જમા કરાવ્યે ફરીયાદીને તેમની કાયદેસરની લેણી રકમ વસુલ મળી જશે.આમ સદર ચેક ફરીયાદી ધ્વારા આ કામના આરોપીની સુચના અનુસાર ફરીયાદીની બેંક આઇ.સી.આઇ.સી.આઇ.ભાવનગર ખાતે ના ખાતામા તા.૨૫–૪–૨૦૨૩ ના રોજ એનકેશ કરાવવા માટે જમા કરાવતા તા.૨૬–૪–૨૦૨૩ ના રોજ સદર ચેક ''FUND INSUFFICIENT'' એટલે કે અપુરતા ભંડોળના કારણે પરત આવેલ. આમ, ફરીયાદીને તેની કાયદેસરની લેણી રકમ રુ.૩,૫૦,૦૦૦/– પરત વસુલ મળેલ નહી. આરોપીએ ફરીયાદીની લેણી રકમ પરત ચુકવવા ચેક આપી બાદ પોતાના એકાઉન્ટમાં બેલેન્સ નહી રાખી કે ચેક પુરતી રકમ જમા નહી કરાવી ફરીયાદીને આપેલ વચન, વિશ્વાસ, ભરોસા નો ભંગ કરેલ હોઇ આરોપીએ ફરીયાદીને આપેલ ચેક વણચુકવ્યા પરત ફરેલ હોય અને ફરીયાદીની લેણી રકમ મળેલ ના હોય આથી ફરીયાદીએ આરોપીને તા.૧૨–૫–૨૦૨૩ ના રોજ તેમના વકીલશ્રી મારફત નોટીસ રજી.એડી.ધ્વારા મોકલાવેલ જે નોટીસ આરોપીને તા.૧૫–૫–૨૦૨૨ ના રોજ મળી ગયેલ છે.

(૪) સબબ, હાલની ફરીયાદ ફરીયાદીએ દાખલ કરી દાદ માગેલ છે કે, આરોપી વિરુધ્ધ ધ નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે ધોરણસર કરવા તથા કાયદા મુજબ શીક્ષા કરવા તથા

ફરીયાદીને વળતર અને ફરીયાદને અનુરુપ દાદ અપાવવા અરજ કરેલ છે.

(૫) ઉપરોકત હકીકતો મુજબ ફરીયાદ દાખલ થતા મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રી ધ્વારા ગુનાનું સંજ્ઞાન લઇને આંક-૧ તળે ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનુ તેમજ ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ ની કલમ-૨૦૪ મુજબ અધિનીયમની કલમ-૧૩૮ મુજબના ગુનાનો આરોપ વિરુધ્ધ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલ હતો. આરોપીને સમન્સની બજવણી થતા તેઓ કોર્ટમાં હાજર થયેલા અને ફરીયાદની નકલ આરોપીને મળ્યાની ખાતરી કરી, ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૫૧ મુજબ મારા પુરોગામી વિ.જજશ્રીએ આંક-૭ થી આરોપીની પ્લી નોંધેલ. જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે.

(૬) ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ છે.

(૭) ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ છે.

**(અ) મૌખિક પુરાવો:-**

| ક્રમ | આંક | સાહેદની વિગ |
|---|---|---|
| (૧) | ૦૪ | ફરીયાદી જયપાલસિંહ રામદેવસિંહ ગોહિલનું પુરાવા સ્વરુપનુ સોગંદનામુ. |

**(બ) દસ્તાવેજી પુરાવો:-**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૮ | સમજુતી કરાર |
| (૨) | ૯ | સમજુતી કરાર |
| (૩) | ૧૦ | વિવાદીત ચેક |

| | | |
|---|---|---|
| (૪) | ૧૧ | રીટર્ન મેમો |
| (૫) | ૧૨ | નોટીસ |
| (૬) | ૧૩ | રજી.એડી.ની પાવતી |
| (૭) | ૧૪ | એકનોલોજમેન્ટ સ્લીપ |
| (૮) | ૩૫ | એક્ષીસ બેન્કની એસ.ઓ.એ.ની કોપી. |
| (૯) | ૩૬ | એક્ષીસ બેકની એસ.ઓ.એ.ની કોપી. |

(૮) ફરીયાદી તરફે વધુ કોઈ પુરાવો આ કામે રજુ થયેલ નથી.

(૯) આ કામે ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાના આધારે આ કામના આરોપીનુ સી.આર.પી.સી.કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોધતા સમયે આરોપી હાજર ન હોય આરોપીનો વધારાનુ નીવેદન નોધવાનો હકક બંધ કરવામા આવેલ છે.

(૧૦) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલ સાંભળી આરોપી તરફે દલીલ કરવા તેઓ જાતે કે તેમના વિ.વ.શ્રી હાજર ન હોય આરોપીની દલીલનો હકક બંધ કરવામા આવેલ છે.

(૧૧) ફરીયાદ હકીકકત, રેકર્ડ ઉપર રજુ તમામ પુરાવા, કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઘડવામાં આવેલ છે.

**–:: મુદાઓ :–**

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એ હકીકત પુરવાર કરે છે કે,આ કામના ફરીયાદીએ આંક–૧ ની ફરીયાદમા જણાવ્યા મુજબનો ચેક ફરીયાદીને આપેલ જે ચેક બેકમાં કલીયરીંગ માટે ભરવામાં આવતા સદર ચેક વણવટાયેલો પરત ફરેલો જેથી સમય મર્યાદામા આરોપીને ફરીયાદી ધ્વારા લીગલ નોટીસ આપવામા આવેલ હોવા છતા આરોપીએ ફરીયાદીને તેમની લેણી રકમ ભરપાઇ નહી કરી, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ સજાને પાત્ર ગુનો આરોપીએ કરેલ છે.?

(૨) શું હુકમ ?

(૧૨) ઉપરોકત મુદ્દાઓના જવાબ નીચે મુજબ છે.

(૧) **હકારમા.**

(૨) આખરી હુકમ મુજબ.

-: કારણો:-

મુદ્દા નં.૧:-

(૧૩) આ કામના આરોપીની સામે અધિનીયમની કલમ-૧૩૮ મુજબના ગુનાનુ તહોમત છે. આરોપી વિરુધ્ધ તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની સમાલોચના કરતા પહેલા, અધિનીયમની કલમ-૧૧૮,૧૩૮,૧૩૯ અને ૧૪૨ ના કાયદાકીય પ્રબંધો લક્ષમાં લેવા જરુરી છે.

(૧૪) અધિનીયમની કલમ-૧૩૮ માં એવી જોગવાઇ કરવામાં આવેલ છે કે, ચેક લખાયાની તારીખથી છ માસ અથવા કાયદાએ માન્ય કરેલ હોય તે મુદત બે માંથી જે વહેલી હોય તે મુદતમા ચેક બેન્કમાં રજુ કરવાનો હોય છે. વધુમાં એવી પણ જોગવાઇ કરવામાં આવેલ છે કે, ચેક ધારકે તે ચેક વણ ચુકવાયેલ પરત આવ્યાની બેન્ક તરફથી માહિતી મળ્યાાના ૩૦ દિવસની અંદર અંદર ચેક લખનારને નોટીસ આપી રકમની માંગણી કરેલ હોવી જોઇએ અને નોટીસ મળ્યાના ૧૫ દિવસમા તે રકમની ચુકવણી કરવામાં ચેક લખનાર નિષ્ફળ જાય ત્યાર પછી નિયત સમય મર્યાદામા ફરીયાદી ગુના સબંધે ફરીયાદ કરી શકે છે. અધિનીયમની કલમ-૧૩૯ મુજબ અન્યથા પુરવાર ન થાય તો ચેક ધારણ કરરનારની તરફેણમાં અદાલતે વધુ અનુમાન કરવાનુ રહે છે કે, ચેક ધારણ કરનારે કલમ-૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેમના કોઇ દેવા અથવા અન્ય કોઇ જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઇ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં  તે ચેક મેળવેલ હશે.

(૧૫) આમ, ફરીયાદીએ મુખ્યત્વે નીચે મુજબની હકીકત પ્રસ્થાપિત કરવી પડે.

(૧) આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાના ચુકવણા પેટે ચેક આપેલ હતો.

(૨) આ ચેક મથાળે દર્શાવેલ તારીખથી છ માસ કે કાયદા મુજબ નિયત સમય મર્યાદા બંનેમાંથી જે વહેલા હોય તે મુદત સુધીમાં રજુ કરવામાં આવેલ હતો.

(૩) ચેક સ્વીકાર્યા વગર/વણ ચુકવાયેલ પરત ફરેલ હતો.

(૪) ફરીયાદીએ તેઓને ચેક પરત થયાની જાણ થગેથી દીન-૩૦ મા કાયદેસરની નોટીસ આપેલ હતી.

(૫) આરોપીએ નોટીસ મળ્યા છતા દીન-૧૫ મા પરત ફરેલ/વણચુકવાયેલ ચેકના નાણા ચુકવેલ નથી અને સદર દીન-૧૫ બાદ ફરીયાદીએ એક માસમાં ફરીયાદ દાખલ કરેલ છે.

(૧૬) આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતના નીચે જણાવેલ બે ચુકાદાઓનો ઉલ્લેખ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે કારણ કે તેમાં અધિનીયમ કલમ-૧૮,૧૩૮ અને ૧૩૯ ના અનુમાનો સબંધિત જોગવાઈઓનું અર્થઘટન કરવામાં આવે છે અને બચાવપક્ષે સદર કાયદાકીય અનુમાનોનું ખંડન કેવી રીતે કરવુ જોઈએ તે સબબના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે.

(૧૭) સૌપ્રથમ સર્વોચ્ચ અદાલતનો માનનિય ત્રણ ન્યાયાધીશોની ખંડ પીઠનો રંગપ્પા વિ.શ્રીમોહન એ.આઈ.આર.-૨૦૧૦ એ.સી.-૧૯૮૯૮ નો ચુકાદો લક્ષમા લેવો આ અદાલતને જરુરી જણાય છે. આ કેસમા નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષ અધિનીયમની કલમ-૧૩૯ ના અર્થઘટનનો પ્રશ્ન ઉપિસ્થત થયેલ અને તેમાં નામ.અદાલતે અધિનીયમની કલમ-૧૧૮,૧૩૮ અને ૧૩૯ ની જોગવાઈઓ ધ્યાને લઈને ફકરા નં.૧૪ માં એવુ નોંધેલ છે કે, " in the light of these extracts, we are in agreement with the erespondent-claimant that the presumption

mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforcreable debt or liability" સદર ચુકાદામાં એવુ પણ નોધવામાં આવેલ છે કે, " it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of ' preponderance of probabilities'. Therefore, if the accused is able to raise a proable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. ..."

(૧૮) નામ.સર્વોચ્ચ અદાલતનો અન્ય એક ચુકાદો જોઈએ તો, નામ.સર્વોચ્ચ અદાલતે **ટી.વસંથાકુમાર વિ.વિજયકુમારી ૨૦૧૫ ક્રિમી.લો.જ.૨૮૫૩** ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત કે જો ચેક અને ચેક ઉપરની સહી પુરવાર થઇ જાય અને આરોપી ધ્વારા તે બાબતે કોઈ તકરાર લેવામાં ન આવે તો કલમ–૧૩૯ નુ અનુમાન ઉપસ્થીત રહેશે.

(૧૯) ઉપરોકત કાનુન જન્ય પ્રબંધો અને નામ.સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં રાખી, ફરીયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરવુ જરુરી છે. આ કામે આરોપી ધ્વારા કોઈ જ પુરાવો રજુ થયેલ નથી.

(૨૦) આ કામે ફરીયાદીએ આંક–૦૪ થી ફરીયાદીએ સરતપાસ સોગંદનામું રજુ કરેલ છે જેમાં ફરીયાદીએ, ફરીયાદ હકીતને સંપૂર્ણ સમર્થનકારી વિગતો જણાવેલ છે જેની પુરાવાનુ પુનરાવર્તન ટાળવા અહી ર્ચચા કરવામા આવેલ નથી. જયારે આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરવા માટે કોઈ હાજર ન હોય તેઓની ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૨૧) હવે, સૌપ્રથમ જોઈએ તો, ફરીયાદ હકીકત મુજબ આ કામના આરોપી જે છે તે ફરીયાદીના મિત્ર થાય છે. આ હકીકત સંદર્ભે આરોપી ધ્વારા

કોઈ ખંડન કરવામાં આવેલ નથી. હવે, અત્રેની ફરીયાદ જોતા, આરોપી ધ્વારા જે ચેક ફરીયાદીને આપવામાં આવેલ છે તે ચેક ફરીયાદીએ તેઓની બેન્કમા વટાવવા માટે રજુ કરતા વણચુકવાયેલો પરત ફરેલો છે અને આ બાબતની જાણ ફરીયાદીએ આરોપીને રજી.એડી.થી કરેલી છે જે નોટીસ આરોપીને બજી ગયેલ છે તેમ છતા આ કામના આરોપીએ નીયત સમયમર્યાદામા ફરીયાદીની કાયદેસરની બાકીની લેણી ચેક મુજબની રકમ ચુકવેલ નથી. આ કામના આરોપીએ હાજર થઇ વિવાદીત ચેક મા તેઓની સહી નથી તે અંગે કોઇ તકરાર લીધેલ નથી તેમજ આ કામના ફરીયાદી ધ્વારા રજુ થયેલ લેખીત તેમજ મૌખિક પુરાવાનુ યોગ્ય પુરાવો રજુ કરી ખંડન કરેલ નથી.

(૨૪) આમ, ઉપરોકત તમામ પુરાવાની ર્ચચાના અંતે એ હકીકત સાથે હુ સહમત થાઉ છુ કે, આ કામના ફરીયાદીને આરોપીને વિવાદીત ચેક લેણા પેટે આપેલ છે જે વણચુકવાયેલ બેન્કમાથી પરત ફરેલ છે અને જે સંદર્ભે ફરીયાદીએ આરોપીને નિયત સમયમર્યાદામા નોટીસ પણ આપેલ છે તેમ છતા આરોપીએ ફરીયાદીને તેઓની કાયદેસરની રકમ નહી ચુકવી ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનુ જણાય છે.

ફરીયાદ પક્ષ ધ્વારા રજુ થયેલ પુરાવો તેમજ આગળ ચર્ચા કરેલ કાયદાના સિધ્ધાંતો જોવામાં આવે તો, સૌપ્રથમ ફરીયાદીએ ચેકનું એકઝીકયુશન પુરવાર કરે તો તેઓની તરફેણમાં કલમો ૧૧૮ અને ૧૩૯ નુ અનુમાન ઉપસ્થીત થાય અને અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે જાય.

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ અને ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતા, વાદગ્રસ્ત ચેક આરોપીના ખાતાનો છે અને એકઝીકયુશન પણ પુરવાર થાય છે ત્યાર આરોપીએ ચેક ફરીયાદીને કાયદેસરના લેણા પેટે ચુકવવા આપેલ તેવુ કાયદાકીય અનુમાન ફરીયાદીની તરફેણમા ઉપસ્થીતત થશે. ફરીયાદીની તરફેણમાં ઉપસ્થીત થતા સદર

કાયદાકીય અનુમાન આરોપીએ સચોટ અને સબળ પુરાવાથી ખંડન કરવાનુ રહે અને જો તેમાં આરોપી નિષ્ફળ રહે તો ફરીયાદીનો કેસ પુરવાર માનવાનો રહે.

પ્રસ્તુત કેસમાં ફરીયાદીનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, ફરીયાદીની તરફેણમાં થયેલ કલમ–૧૧૮,૧૩૯ ના અનુમાનનું બચાવપક્ષ ખંડન કરી **શકેલ નથી તેમજ આરોપી પોતાનો બચાવ પણ પુરવાર કરી શકેલ નથી.ફરીયાદીએ હાલની ફરીયાદ સમય** મર્યાદામા દાખલ કરેલ છે.

આમ, ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા, અત્રેની અદાલત એવા તારણ પર આવે છે કે, ફરીયાદી કેસની હકીકત શંકાથી પર રહીને પુરવાર કરવામાં સફળ રહેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાની પરત ચુકવણી માટે વાદગ્રસ્ત ચેક આપેલ જે ફરીયાદીએ તેમના બેન્કના ખાતા મા જમા કરાવતા પરત ફરેલ અને ફરીયાદીએ તે સબબ કાયદાકીય નોટીસ આપેલ જે નોટીસ બજી જવા છતા આરોપીએ ચેકના નાણા ચુકવેલ નથી.

આથી અદાલત એવા તારણ પર આવે છે કે, આ કેસમાં આરોપી વિરુધ્ધ અધિનીયમ કલમ–૧૩૮ ના ગુનાના તમામ જરુરી તત્વો આકર્ષીત અને પુરવાર થયેલ છે અને આરોપીએ અધિનીયમની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે તે નિ:શંકપણે પુરવાર થાય છે.આથી મુદા નં.૧ નો જવાબ''**હકાર**'' મા આપવામાં આવે છે.

(૨૩) મુદા નં.૨:–

ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા તેમજ મુદા નં.૧ નો જવાબ હકારમા આપવામાં આવેલ હોય, અત્રેની અદાલત આરોપીને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવે છે.

(૨૪) અધિનીયમની કલમ–૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેતા, આરોપીને ૨ વર્ષ સુધીની સજા અથવા ચેકની બમણી રકમ સુધીનો દંડ અથવા બંને પ્રકારની સજા કરી શકાય તેવી જોગવાઈ છે.

નામ.સર્વોચ્ચ અદાલતના આર.વિજયન વિરુધ્ધ બેબી, ૨૦૧૧, જે.ટી.(૧૩) ૩૯૧ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આ પ્રકારના કેસમાં ફરીયાદીને યોગ્ય વળતર આપવુ જોઈએ કે, જેથી તેઓને યોગ્ય વળતર મેળવવા માટે અન્ય ન્યાયિક પ્રક્રિયાનો સહારો ન લેવો પડે. આ ઉપરાંત તે હકીકત પણ ધ્યાનમાં રાખવી યોગ્ય અને વ્યાજબી છે કે આ પ્રકારના કેસ ચાલતા જે સમય પસાર થાય તેમાં દિવાની કાર્યવાહી અથવા તો દિવાની સમય મર્યાદા પણ વિતી જતી હોય છે અને તે સંજોગોમાં ફરીયાદી પાસે યોગ્ય વિકલ્પ પણ આવી રકમ વસુલ કરવા માટે રહેતો નથી.આમ, આ કેસની તમામ હકીકતો નામ.સર્વોચ્ચ અદાલત ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેતા, તેમજ આરોપી વિરુધ્ધ કલમ–૧૩૮ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર થયેલ હોય તે હકીકત ધ્યાને લેતા, અત્રેની અદાલતને ફરીયાદીને યોગ્ય વળતર આપવાનો હુકમ કરવો પણ વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે.પરિણામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આખરી હુકમ :-**

(૧) ફોજદારી કાર્યરીતી સંહીતા-૧૯૭૩ ની કલમ-૨૫૫(૨) ની જોગવાઈ અન્વયે આરોપી શિવદીપસિંહ ભરતસિંહ ગોહિલ, ઠે-બ્લોક નં.૬૨૦, જુના બે માળીયા, ભવાની મંદિર, ભરતનગર, ભાવનગરનાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કોડની કલમ-૧૯૭૩ ની કલમ-૩૫૭ (૩) ની જોગવાઇ અન્વયે આરોપીએ ફરીયાદીને ચેકમા જણાવેલ રકમના દોઢી રકમ એટલે કે રૂ.૫,૨૫,૦૦૦/-(અંકે રુપીયા પાંચ લાખ પચ્ચીસ હજાર પુરા) વળતર પેટે આ હુકમની તારીખથી બે માસ મા ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે, જો આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ ત્રણ માસની સાદી કેદ ભોગવવાની રહેશે.

(૩) વધુમાં,આજરોજ આ ચુકાદો આરોપીની ગેરહાજરીમાં આપવામાં આવતો હોય ત્યારે ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ-૪૧૮(૨)અન્વયે આરોપી વિરુધ્ધ સજાની અમલવારી માટે કલમ-૭૦ અન્વયે બિનજામીનપાત્ર વોરંટ ઇસ્યુ કરવુ.

હુકમ આજરોજ તા.-૩૧ માહે,જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી૦ અદાલતમા વાંચી,સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:ભાવનગર.

તા:૩૧/૦૭/૨૦૨૬

**(આર.એમ.શેખ)**
**છઠ્ઠા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,**
**ભાવનગર.**
**GJ01474**

Mukhtar